શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ - અમદાવાદ (ટ્રસ્ટ રજી.નં. ઈ-૩૩૦૩, તા.૨૩-૮-૭૮) સંચાલિત માસિક

જવાબદારીના પોટલાં...
જેના માથે હોય
એને
રિસાવાનો કે થાકવાનો
હક્ક નથી હોતો...

# પરિવાર પત્રિકા

વર્ષ - ૨૧ ● અંક-૨૪૨ ● નવેમ્બર - ૨૦૨૩

કિંમત રૂા. ૨-૦૦

જાગૃતિ ● માહિતી ● પ્રવૃત્તિ ● પ્રગતિ

**પરિવાર પત્રિકાના કાયમી મુખ્ય સૌજન્યદાતા**

સ્વ. શ્રી જશવંતલાલ ચીમનલાલ શાહ......(રણુંજ)
સ્વ. વર્ષાબેન દિલીપભાઈ શાહ.........(ભાલક)

**કાયમી સહાયક દાતા**

સ્વ. વિમળાબેન રસીકલાલ શાહ......(લણવા/પુના)

**પરિવાર પત્રિકા સંપાદન સમિતિ**

સંપાદક : પ્રમોદભાઈ એન. ગાંધી 93270 07054
સહ સંપાદક : બકુભાઈ સી. ગાંધી 98250 96444

ભાઈલાલભાઈ એન. ગાંધી..........(સમોડા) 99257 22324
મીહીરભાઈ એચ. શાહ..........(બોકરવાડા) 98982 58515
ભાવેશભાઈ એમ. શાહ..............(ભાલક) 94277 02080

**મેનેજીંગ ટ્રસ્ટી**

જશવંતલાલ પી. શાહ..........(ભાલક) 99747 16584

**પરિવાર પ્રકાશન કાયમી સૌજન્ય**

શ્રી સેવંતીલાલ છબીલદાસ શાહ પરિવાર............(ભાલક)
સ્વ. શ્રી નટવરલાલ મણીલાલ શાહ................ (ભાલક)
સ્વ. જેઠાલાલ મોહનલાલ શાહ..................... (ખરોડ)
સ્વ. ચીનુભાઈ મણીલાલ શાહ.................. (પિંઢારપુરા)
સ્વ. શ્રી બાબુલાલ અંબાલાલ શાહ.................. (મોટપ)
સ્વ. શ્રી અમૃતલાલ ઠાકરશી શાહ................ (મોટી દેઉ)
સ્વ. શ્રી પુનમચંદ ઉત્તમચંદ શાહ.................... (લણવા)
સ્વ. શ્રી બાબુલાલ કસળચંદ શાહ................. (વડાવલી)
શ્રીમતી પદ્માબેન રમણલાલ શાહ. .................... (મોટપ)
સ્વ. બિહારીભાઈ ચીમનલાલ મોદી................(મહેસાણા)
શ્રી નટવરલાલ તલકચંદ શાહ..................... (દેલોલી)
શ્રી ચંપકલાલ મંગળદાસ શાહ.......................(મગુના)
શ્રીમતી પન્નાબેન અશ્વિનકુમાર ગાંધી.............. (સમોડા)
સ્વ. સુબોધચંદ્ર મણીલાલ શાહ...................... (મણુંદ)
સ્વ. કાન્તાબેન રસીકલાલ શાહ................. (વિસનગર)
સ્વ. કમળાબેન ચીમનલાલ શાહ......... (ઉનાવા/આંબેગામ)
સ્વ. લીલાવતીબેન સુમતીલાલ શાહ......... (સીનોલી/મણુંદ)
શ્રીમતી ચંદ્રિકાબેન નવીનચંદ્ર શાહ..............(લણવા)
શ્રી વિજયકુમાર કનુભાઈ શાહ................. (બોરીઆવી)
શ્રીમતી રંજનબેન મહેન્દ્રભાઈ શાહ.................(દેલોલી)
શ્રી નટવરલાલ મફતલાલ શાહ..................... (દેલોલી)
શ્રી ભોગીલાલ લીલાચંદ શાહ....................... (મોટપ)
સ્વ. ઈન્દીરાબેન શશીકાંત તિજોરીવાળા..... (લુણવા-મંડાલી)
સ્વ. ઉષાબેન નરેન્દ્રકુમાર હીંમતલાલ શાહ.......(બોકરવાડા)
શ્રીમતી વિમળાબેન નટવરલાલ શાહ..............(કમાણા)
સ્વ. વસુમતીબેન ઈશ્વરલાલ સોમચંદ શાહ.......... (ભાલક)
સ્વ. પુષ્પાબેન સુરેશચંદ્ર રસિકલાલ ગાંધી......(રણુંજ)
સ્વ. કંચનબેન હીંમતલાલ વાડીલાલ શાહ....(બોકરવાડા)
સ્વ.મહેન્દ્રકુમાર રતીલાલ શાહ (ચાવાળા)..........(સમોડા)

**શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ**

## દિવાળી વિશે આ જાણો છો ?

જય જિનેન્દ્ર

જગતમાં જેમ દેવોમાં ઈન્દ્ર, તારાઓમાં ચંદ્ર, વૃક્ષોમાં કલ્પવૃક્ષ, પર્વતોમાં મેરુ તેમ પર્વોમાં દીપાવલી સર્વશ્રેષ્ઠ છે.

જૈનેતર ધર્મોથી ભિન્ન, જૈન ધર્મમાં દીવાળીની ઉજવણીમાં શું વિશેષતા/મહિમા છે?... જૈન ધર્મમાં દિવાળી તપ–ત્યાગથી ઉજવાય છે.

વર્ધમાને દીક્ષા લીધા બાદ સાડાબાર વર્ષ ઉગ્ર તપ કર્યું, ઉપસર્ગો સહ્યા, કેવળજ્ઞાન પામ્યા. જુદા જુદા નગરોમાં ચોમાસા કર્યા. ઉપદેશ આપી હજારો જીવોને દીક્ષા આપી અને લાખોને ધર્મ માર્ગે વાળ્યા.

અંતમાં કેવલી પર્યાયના ૩૦ માં , દીક્ષાના ૪૨ માં અને જન્મના ૭૨માં વર્ષે અપાપાપુરી (પાવાપુરી)માં હસ્તિપાલ રાજાના સભાખંડમાં અંતિમ ચાતુર્માસ કર્યો. ચરમ તીર્થપતિ, સર્વજ્ઞ મહાવીર સ્વામીએ પોતાનો નિર્વાણ સમય જાણી, આસો વદ ચૌદસ–અમાસના બે નિર્જલ ઉપવાસ (છઠ્ઠ) કર્યા. જગતના કલ્યાણ માટે પદ્માસને બેસીને ચારેય નિકાયના દેવો, ચતુર્વિધ શ્રીસંઘ, કાશી–કોશલ આદિ જનપદના માન્ય ૧૮ ગણરાજાઓ તેમજ સામાન્ય જનોને અંતિમ દેશના આપી. શક્રેન્દ્રે પ્રભુને પૂછ્યું "હે પ્રભુ તમારા પછી ચતુર્વિધ સંઘને જે પીડા, તકલીફો થશે તે મારાથી પણ શાંત નહિ થાય તો આપ એક મૂહુર્ત (સમયનું માપ) આયુષ્ય લંબાવો." ભગવાને કહ્યું "એ કોઈ કાળે ટાળી ન શકાય."

અમાવસ્યાની પાછલી રાતની ચાર ઘડી બાકી હતી. ત્યારે સોળ પ્રહર–૪૮ કલાકની પ્રલંબ દેશના પૂરી થતાં જ ૭૨ વર્ષનું આયુષ્ય ભોગવીને સ્વાતિનક્ષત્રમાં પ્રભુ નિર્વાણ પામ્યા, મોક્ષે ગયા. અવધિજ્ઞાનથી પ્રભુના નિર્વાણને જાણીને ઈન્દ્રો અને દેવો, નિર્વાણકલ્યાણક ઉજવવા પૃથ્વી પર આવ્યા. તેમના આગમનથી અમાસની અંધારી રાતે પણ ધરતી પ્રકાશમય બની. ત્યાં હાજર સર્વ લોકોએ દીવાઓ પ્રગટાવી નિર્વાણ મહોત્સવ કર્યો. તે દિવસથી સંસારમાં લોકોએ આસો વદ અમાસે, દીપોત્સવ–દીવાળી પર્વની ઉજવણી (શરૂ) કરી.

(અગાઉ) મહાવીર સ્વામીના પ્રથમ ગણધર શ્રી ગૌતમ સ્વામીએ પ્રભુને પૂછેલું : "પ્રભુ મને કેવળજ્ઞાન કેમ નથી થતું?" પ્રભુએ તેમને કહેલું : "એક ક્ષણનો પણ પ્રમાદ ન કરવો. તમને રાગ છે તેથી કેવળજ્ઞાન નથી થતું." નિર્વાણનો સમય નજીક આવ્યો તે જાણીને, પ્રભુએ ગૌતમને, બાજુના ગામમાં દેવશર્મા બ્રાહ્મણને પ્રતિબોધ કરવા મોકલ્યા. ત્યાંથી પાછા ફરતાં ગૌતમ સ્વામીએ દેવોના મુખેથી પ્રભુના નિર્વાણના વ્રજાઘાત જેવા સમાચાર સાંભળીને ખૂબ વિલાપ કરવા લાગ્યા: "હે પ્રભુ દુનિયામાં તો છેલ્લી ઘડીએ, દૂરથી યે તેડાવે સ્વજનને,

**સૌને દિપાવલી અભિનંદન**
**તથા**
**નવા વર્ષની શુભ કામનાઓ**

# પરિવાર પત્રિકા

**સૌજન્ય દાતા**
**(જાન્યુઆરી-૨૩ થી ડીસેમ્બર-૨૩)**



**સ્વ. પ્રકાશકુમાર સેવંતીલાલ શાહ**
જન્મ તા.૧૮-૧૧-૧૯૫૮ • સ્વ.તા.૧૯-૦૧-૨૦૨૨

ની સ્મૃતિમાં

સુરેખાબેન મુકેશકુમાર શાહ
મમતાબેન પ્રકાશકુમાર શાહ
હેમાબેન જીજ્ઞેશકુમાર શાહ
ખ્યાતિબેન રોહનકુમાર શાહ
વિલ્પાબેન પિયુષકુમાર શાહ
યાશિકા – નિશિત

**સ્વ.કમળાબેન સેવંતીલાલ માધવલાલ શાહ**
(મણુંદ-બોરીવલી)
પરિવાર તરફથી અમદાવાદ બહારના ભારતમાં વસતા તમામ જ્ઞાતિજનોને "પરિવાર પત્રિકા" મોકલવામાં આવશે.

### મંડળની વિવિધ પ્રવૃત્તિઓ

- કેળવણી સહાય/ઉચ્ચ શિક્ષણ સહાય
- સાધર્મિક સહાય
- મેડિકલ સહાય
- મહિલા તત્કાલ સહાય
- શુભ લગ્ન આયોજન
- પરિવાર પત્રિકા
- તપસ્વી બહુમાન
- સમ્યગ્ જ્ઞાન પ્રસાર નિધિ
- મહિલા મંડળ

### પરિવાર શુભેચ્છક

સ્વ. સુભદ્રાબેન સેવંતીલાલ શાહ .....(બોકરવાડા)
શ્રી બંકિમકુમાર કાંતિલાલ શાહ ..........(ઊંઢાઈ)
શ્રી જયંતિલાલ અંબાલાલ શાહ ...........(ઊંઢાઈ)
કંચનબેન ચીનુભાઈ તીજોરીવાળા (લુણવા-મંડાલી)
મધુબેન મહેન્દ્રકુમાર કાહાલાલ શાહ.....(મગુના)
સ્વ. શ્રી અંબાલાલ બુલાખીદાસ શાહ......(મણુંદ)
સ્વ. સવિતાબેન અંબાલાલ શાહ...........(મણુંદ)
સ્વ. શારદાબેન નરોત્તમદાસ શાહ.........(મણુંદ)
સ્વ. નીતાબેન પ્રમોદભાઈ શાહ..........(ખરોડ)

જાણી જોઈને દૂર કર્યો તમે આ ભોળા ગૌતમને ?"
તમે ક્યાં છો મહાવીર? એકવાર આ સેવક 'ગૌતમ' કહી બોલાવો.

ખૂબ રડ્યા પછી આ વિષાદમાંથી વિરાગ પ્રગટ્યો. તેમણે મનમાં ચિંતવ્યું : મેં વીતરાગ પર રાગ કર્યો. હું તેમની પ્રત્યેનો રાગ–મોહ ત્યજું એવી પ્રભુની ઈચ્છા હશે અને તે પછી પડવાના (બેસતા વર્ષના) મંગલ પ્રભાતે (પરોઢિયે) ગૌતમસ્વામીને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. તેથી બેસતા વર્ષે ગૌતમસ્વામીનું કેવળજ્ઞાન કલ્યાણક ઉજવાય છે. પરમાત્માથી પ્રીત કરો તો ગૌતમના જેવી કરજો. પ્રભુના નિર્વાણના સમાચાર સાંભળી મોટાભાઈ નંદીવર્ધને શોકાતુર થઈને પડવાના દિવસે ઉપવાસ કર્યો. ભાઈના મહાવીરના વિરહની વેદનાને પોતાની સંવેદના બનાવનાર બહેન સુદર્શનાએ બીજના દિવસે નંદિવર્ધનને પોતાના ઘરે બોલાવીને, જમાડીને શોક દૂર કર્યો. ત્યારથી સંસારમાં ભાઈબીજનો તહેવાર શરૂ થયો.


ભલે જૈનેતરોમાં એવું માનતા હોય કે ફટાકડા ફોડીએ તો જ દીવાળી ઉજવી કહેવાય, પરંતુ ફટાકડા ન ફોડાય. નાના સંતાનોને આપણે પ્રેમથી સમજાવી શકીએ કે ફટાકડા ફોડવાથી અસંખ્ય જીવોની હિંસા થાય, પાપ લાગે. અને તે માટે બાળકોને શાબાશી, બક્ષીસ આપી પ્રોત્સાહન આપવું પડે. વળી કેટલાક, પોતાનો વટ પાડવા લગ્ન પ્રસંગે, જાન પ્રસ્થાને, વરઘોડામાં ફટાકડા ફોડીને પોરસાય છે. જૈનકુળમાં જન્મેલા આપણને આ શોભે?

આ વર્ષનો શૈક્ષણિક પુરસ્કાર (ઈનામ–વિતરણ) તથા તપસ્વી બહુમાન કાર્યક્રમનો અલગ અહેવાલ આ અંકમાં અન્યત્ર છાપેલ છે.

ભાવેશભાઈ એમ. શાહ–માનદ્‌મંત્રી ❁ રમેશભાઈ સી. શાહ–સહમંત્રી

## સાધર્મિક સહાય ક્ષેત્રે... દાન-ફંડ-ભેટ

રૂ.૧૦૦૦૦/–



સ્વ.ચંપકલાલ મંગળદાસ શાહ
(દેલોલી) અમદાવાદ

સ્વ.ચંપકલાલ મંગળદાસ શાહ (દેલોલી) ની ત્રીજી વાર્ષિક પુણ્યતિથી નિમિત્તે રૂ.૧૦૦૦૦/– નું દાન શારદાબેન ચંપકલાલ શાહ તરફથી સાધર્મિક સહાય ક્ષેત્રે મળે છે. જ્ઞાતિ મંડળ તેમના પરિવારની સાધર્મિકો પ્રત્યેની લાગણીને બિરાદવી સદ્‌ગતના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરે છે.

## શૈક્ષણિક સહાય ક્ષેત્રે... દાન-ફંડ-ભેટ

રૂ.૨૦૦૦/– સ્વ.ચંપકલાલ મંગળદાસ શાહ (દેલોલી) ની સ્મૃતીમાં સદ્‌ગતના આત્મશ્રેયાર્થે રૂ.૨૦૦૦/–નું દાન મોક્ષા કૌશિકકુમાર શાહ તરફથી મળેલ છે.



**નિર્મળાબેન જશવંતલાલ શાહ**
રણુજ - હાલ : અમદાવાદ
જન્મ તા.૧૮-૦૩-૧૯૪૪ • સ્વ. તા.૨૧-૦૩-૨૦૨૨

સંબંધો જાળવી રાખવા માટે
ક્યારેક આંધળા, ક્યારેક બહેરા
તો ક્યારેક મૌન રહેવું પડે છે...!

મયુર જશવંતલાલ શાહ
જાસ્મીન વિજય શાહ • વિજય જશવંતલાલ શાહ
ક્રિપા સંજય શાહ • સંજય જશવંતલાલ શાહ

V. Jashvantlal & Co.
Stallion Laboratories Pvt. Ltd.
Espee Pharmachem Pvt. Ltd.

તરૂણભાઈ ઠાલું અડકાવેલું બારણું ખોલી અંદર આવ્યા . અંદરથી સ્ટોપર વાસીને ત્યાં સોફા પરજ હાશ કરીને બેસી ગયા.

'કેમ પતી ગયું બધું ? શું આવ્યો રિપોર્ટ ?'

'કહું છું હમણાં, જરાક શ્વાસ તો ખાવા દે' કહેતાં એમણે આંખો મીચી દીધી.

રૂપાબેન એકીટસે એમને તાકી રહ્યાં. એમને ઇંતેજારી હતી કે પતિ ક્યારે આંખ ખોલે ને વાત કરે.ડોક્ટરે થોડા ટેસ્ટ કરાવ્યા હતાં. એના રિપોર્ટ જાણવાની ઉત્સુકતા હતી .

સામે પક્ષે તરૂણભાઈને રીઝલ્ટ જણાવવાની જરાય ઉત્સુકતા નહોતી ! એમને જે શંકા હતી , રિપોર્ટ એ જ આવ્યો ! વરસ પહેલાં પત્ની ના જે સિમ્પટમ્સ હતાં એ જ હવે એમને પણ જણાવા લાગ્યાં હતાં. ભૂખ ઓછી થઇ ગઇ ને સાથે વજન પણ ઘટવા માંડ્યું હતું.

પત્નીની સારવાર કરતાં કરતાં એ પોતે અર્ધા ડોક્ટર થઇ ગયા હતા. અશક્તિ લાગવા માંડતા એમણે હિમોગ્લોબિનનો ટેસ્ટ કરાવ્યો....રક્તકણો તદ્દન ઓછા થઇ ગયાં હતાં. એમને પોતાને અને ડોક્ટરને પણ શંકા પડતા બીજા ટેસ્ટ કરાવ્યા.

....ને રિપોર્ટ પોઝીટીવ આવ્યો !

પણ રૂપાને કહેવું કઇ રીતે ?

જો કે રૂપાબેનને પણ શંકા તો હતી જ. પોતાના જેવા જ સિમ્પટમ્સ જણાવા લાગતા આશંકા તો ગઇ જ હતી.... પણ ના... ના... તેવું ન હોય... હોઇ શકે જ નહિ કહી મન મનાવતા રહ્યાં .

...એ ઘણી વાર રાહ જોતા રહ્યાં.

અંતે તરૂણભાઇએ આંખ ઉઘાડી.

'અચ્છા-કોઈ આવ્યું હતું ? કોઈનો ફોન ? ...તું જમી ?'

'...એ બધી વાત પછી. પહેલા મને કહો , તમારો રિપોર્ટ શું આવ્યો ?'

'...કાંઈ નહિ' નજર ઢળી ઘઇ જરા અચકાતા અચકાતા કહ્યું 'તું એકલી ન પડી જાય ને ?... આવા ભાઇ હરખા આપણે બેય સરખા !' કહી એમણે હસવાનો પ્રયત્ન કર્યો પણ હસી શક્યા નહિ.

શું ?... શું કહો છો તમે ? એક આંચકો ખાઇ ગયાં રૂપાબેન.

'હા, મને પણ તમારી જેમ જ કેન્સરનું નિદાન થયું છે. પરમાત્માની કૃપા માન કે આપણે ફર્સ્ટ સ્ટેજમાં જ છીએ.'

'અરેરે ! આને ઈશ્વરની કૃપા કહેવાય ? મને તો અત્યારે પરમકૃપાળુ પરમાત્મા અકૃપાળુ લાગે છે ?'

'આટલી બધી આકરી ન થા જરાક શાંતિ રાખ.'

આજના અદ્યતન યુગમાં કેન્સર એટલે કેન્સલ નહિ, કેન્સર પણ ક્યોર થઇ શકે છે. ફર્સ્ટ કે સેકન્ડ સ્ટેજમાં તો એકદમ ક્યોર છે.ટ્રીટમેન્ટ લીધા પછી નવજીવન મેળવી શકાય અથવા તો આયુષ્ય રેખા લંબાવી શકાય છે. હા, પહેલાં એવું કહેવાતું કે ક્ષય એટલે રાજરોગ. ક્ષય ખલાસ ! એનું નામ પડતા જ હાયકારો નીકળી જતો.... કેન્સર માટે પણ અગાઉ આવું જ હતું... હવે બધું બદલાયું... કેન્સરને નાથી શકાય છે.

રૂપાબહેને ઢીલા અવાજે કહ્યું, 'હા , તમારી વાત તો સાચી !'

'તો પછી ? ટૂંકો જીવ શા માટે કરે છે ? આ પરિસ્થિતિમાં કોઇ ફેરફાર તો થવાનો જ નથી ! જે છે તે રડવા કરતાં હસતાં હસતાં ન જીરવીએ? લાંબુ કે ટૂંકુ જે કાંઇ આયુષ્ય બચ્યું છે એને આપણે આનંદથી ન માણીએ ? હું તો આને શુભ સંકેત માનું છું. ઈશ્વર નો પાડ માનીએ કે આપણને ગ્રીન સિગ્નલ આપી દીધું !'

'ગ્રીન કે રેડ ? કેવી વાત કરો છો તમે તો ?'

'અહીં જ તારી ભૂલ થાય છે. દ્રષ્ટિ બદલીએ તો ગ્રીન. બીજી બાજુ તારી વાત પણ સાચી છે. જિંદગી માટે રેડ સિગ્નલ !'

'આપણી સંપત્તિના વહીવટ માટે. એના આયોજન માટે. જો તને સમજાવું. પહેલાં તો હંમેશાં દ્વિધા રહેતી કે અચાનક હાર્ટફેઇલ થઇ જાય તો ! લગભગ કરોડને આંબતી આપણી મિલકતનું શું ? ખરું ને ? ચાલ ,હવે નિરાંત , મને કે તને કોઇને હાર્ટની તકલીફ તો નથી. તું ધારે છે એવું અચાનક




મૃત્યુ તો નથી જ આવવાનું. છતાંય દૂર દૂરથી પગલે પગલે નજદીક આવતાં રહેલાં મૃત્યુનો સંકેત તો છે જ. આને જ હું શુભ સંકેત માનું છું, આપણી પાસે આપણી સંપત્તિનું આયોજન કરવાનો પૂરતો સમય છે અને એ કરવું જ જોઇએ. સમજાય છે? મારી વાત તને '

'પહેલાં નહોતી સમજાતી ,હવે તો બરાબર ગળે ઉતરી ગઇ છે . આપણી પાસે જેટલું પણ આયુષ્ય બચ્યું છે એ સમય અને સંપતિનો સદ્ઉપયોગ કરીએ. આના આયોજન માટે શાંત અને સ્વસ્થ ચિત્તે વિચારીએ !'

બરાબર , 'શું કરવું છે આપણે ? બોલ સૂઝે છે કાંઇ તને ?'

'સૂઝવાનું તો.... મંદિર કે ધર્મશાળામાં ડોનેશન આપી શકાય. આપણા નામની તકતી પણ લાગે!... શિવમંદિરના બારણે સોના-ચાંદીના પતરા જડાવી શકાય અથવા તો નાગ અને જલાધારી મૂકાવી શકાય .'

હં.... અ, મંદિર અને ભગવાન સિવાય બીજું કાંઇ?

'હા, હા , પંખી માટે ચણા ને ચબૂતરા , ખોડાં ઢોર માટે પાંજરાપોળ , એવું તો ઘણું છે ચેરીટી કરવા !'

'હં ... અ, એ સિવાય માણસજાત માટે કાંઇ?'

'હા, હા.... સાધુસંતોને રહેવાની ધર્મશાળા બંધાવી શકાય. ગરીબ-ગુરબાને નિયમિત ભોજન મળે એવી વ્યવસ્થા...'

'અરે ! અરે ! મારી રૂપા... માણસો એટલે એ જ બીજું કોઇ નહિ?'

'હા .... એ ય સાચું. અપંગ, ખોડખાંપણવાળા, મૂકબધિર કે માનસિક વિકલાંગ માટે કાંઇક કરી શકાય.'

'હં...અ , ગાડી કાંઇક પાટે ચડી. આ કામ થોડુંક સારું છે પણ મારી ધારણ કરતાં તો પચીસ ટકા જ.'

તો પછી મોણ નાખ્યા વિના બોલી નાખો ને !તમારા મનમાં શું છે ?

'કહું... તું પણ વિચારજે , તારી સંમતિ હોય તો જ.... આપણે કેન્સર હોસ્પિટલમાં....'

'શું ? રૂપાબેન તાડૂક્યાં જે કેન્સરે આપણને શિકાર બનાવ્યાં એને જ આપણી સંપતિ.... ના....ના! હું તો દાન ધર્મમાં જ માનું છું. ગયા ભવે પાપના પોટલાં બાંધ્યા હશે એટલે જ કેન્સર થયું આ ભવે તો દાન-ધરમ કરી પુણ્ય કમાવા દો, તો આવતો ભવ તો સુધરે!'

'આ યુગમાં ગતજન્મને આવતા જન્મની વાત ભૂલી જા, વર્તમાનમાં જીવ... અચ્છા એ જે કાંઇ હોય તે.... કડવું બોલીને તારું દિલ દુભાવવા નથી માંગતો પણ મને તો આ સૂઝે છે કે જે રોગે આપણને ભરડો લીધો, બીજાને એનાથી બચાવવા શરૂઆતના સ્ટેજે જ પકડાઇ જાય એવા અદ્યતન સાધનો વસાવવામાં અથવા તો એવા સાધનો વાળી કેન્સર હોસ્પિટલને અથવા તો કેન્સરગ્રસ્ત ગરીબ પેશન્ટને ટ્રીટમેન્ટ અપાવીએ... જેનાથી ઘણાને નવજીવન મળે અથવા તો આયુષ્યદોરી લંબાવી શકીએ.'

... તારો શું વિચાર છે? તારી સંપૂર્ણ સંમતિ હોય તો જ!

'અને મારી સંમતિ ન હોય તો?' રૂપાબેને ધડાક દઈને કહી દીધું.

'તો.... તો સંપત્તિનો અર્ધો ભાગ તો હું કેન્સર હોસ્પિટલને જ અર્પણ કરીશ. અર્ધો ભાગ તારો! તારે જ્યાં સદ્ઉપયોગ કરવો હોય ત્યાં!' સામે એવો જ જવાબ મળ્યો.

ઊંડા વિચારોમાં પડી ગયા રૂપાબેન! થોડી વારે કહે, 'જિંદગીના આટલાં વર્ષોમાં ક્યારેય આપણે સામ સામે નથી ઉભા રહ્યા, તો હવે શા માટે? સામ સામે નહિ આપણે સહિયારા જ રહીએ, ખરું ને! તમારી ઇચ્છા પ્રમાણે કેન્સરગ્રસ્ત લોકો કે કેન્સર હોસ્પિટલને જ સંપત્તિનું દાન કરીએ... બરાબર છે તમારી વાત... પણ હવે થોડુંક મારું પણ સાચવો, એમ કહું છું કે પોણો ભાગ કેન્સર પાછળ ને ચોથા ભાગમાંથી મંદિર કે સાધુસંતોને નહિ પણ માનસિક કે શારીરિક વિકલાંગ માટે વાપરીએ, થોડુંક પશુપંખી કે ખોડાં ઢોર માટે!.... ગળે ઉતરે છે મારી વાત?'

'બરાબર...ગળે નહિ, છેક નાભિ સુધી ઉતરી ગઇ તારી વાત.' હવે કહે, આ ગ્રીન સિગ્નલ છે કે રેડ?

'બન્ને.'

– સૌજન્ય : કલ્પના જિતેન્દ્ર

## શૈક્ષણિક પુરસ્કાર (ઈનામ-વિતરણ) સમારોહનો અહેવાલ

આપણી જ્ઞાતિ–સમાજના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ અભ્યાસમાં ઉત્તરોત્તર પ્રગતિ કરે, કારકીર્દિ ઘડતરમાં તેજસ્વી બને અને ત્યારબાદ સમાજ માટે યથાશક્તિ યોગદાન પણ આપે તેવું પ્રોત્સાહન મળે તે હેતુથી અમદાવાદ જ્ઞાતિ મંડળ, શૈક્ષણિક સમિતિના ઉપક્રમે દર વર્ષે શૈક્ષણિક પુરસ્કાર સમારોહ યોજે છે.

તે મુજબ તા.૦૧–૧૦–૨૦૨૩, રવિવારે સવારે ૧૧–૩૦ થી જ્ઞાતિ મંડળના હોલમાં, આ વર્ષ ૨૦૨૨–૨૩ના ઈનામ વિતરણના કાર્યક્રમનું અત્યંત વ્યવસ્થિત, સુઆયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં ૧૨૫ જ્ઞાતિજનો હાજર રહ્યા. નવકાર મંત્રની ધૂન સાથે કાર્યક્રમની શુભ શરૂઆત થઈ. મંચ ઉપર બિરાજમાન, મંડળના મુખ્ય હોદ્દેદારો દ્વારા દીપ–પ્રાગટ્ય કરવામાં આવ્યું. પછી વિદ્યાદેવીની પ્રાર્થના "હે શારદે મા,...... ગાવામાં આવી ત્યારે દરેક સભાજને ઊભા થઈને મનોમન સરસ્વતીમાતાને વંદન કર્યા. પછી સર્વે મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું."

અમદાવાદ જ્ઞાતિમંડળના મેને.ટ્રસ્ટીશ્રી જશવંતભાઈ શાહે સૌને આવકાર્યા અને શૈક્ષણિક ક્ષેત્રના કાયમી દાતાઓને પરિચય કરાવ્યો. મંડળના પ્રમુખશ્રી બકુભાઈ ગાંધીએ પ્રાસંગિક પ્રવચન આપી પ્રેરણા કરી.

ત્યારબાદ શૈક્ષણિક પુરસ્કાર કાર્યક્રમ શરૂ થયો. ધો. ૧ થી ૧૦,૧૧,૧૨, કોલેજ તથા અન્ય ફેકલ્ટીના ૪૬ તેજસ્વી વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને સ્ટેજ પર બોલાવીને, તેમને સુંદર ઉપોયગી ગીફટ આપવામાં આવી. તે સમયે દરેકને તાલીઓના ગડગડાટથી વધાવી તેમનું અભિવાદન કરવામાં આવ્યું.

ત્યારબાદ શ્રી વિભાકરભાઈએ વિદ્યાર્થીઓને મોબાઈલનો દુરઉપયોગ કરવાને બદલે જ્ઞાન–માહિતી મેળવવામાં સદુપયોગ કરવાનું સમજાવ્યું. મહિલામંડળના સલાહકાર શ્રી ઉર્મિલાબેને વર્તમાન સમયે જીવનમાં શિક્ષણના મહત્વ વિશે સલાહ આપી. આ કાર્યક્રમ નિહાળીને હાજર રહેલ સૌ વાલીઓ–જ્ઞાતિજનોને પોતાના શાળાના મજાના દિવસોની યાદ આવી, પણ તે હિ નો દિવસો ગતા: ।

આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શૈક્ષણિક સમિતિના કન્વીનર શ્રી સંદીપભાઈએ (બોકરવાડા) એ કર્યું. જેમાં સૌએ સંપૂર્ણ સાથ–સહકાર આપ્યો. જેમાં સહુ સહ કન્વીનર શ્રી ઉન્મેષભાઈ, શ્રી રમેશભાઈ, શ્રી ભરતભાઈ, શ્રી કિરણભાઈની સુંદર ટીમ–વર્કથી પ્રસન્ન થઈ સૌએ પ્રશંસા કરી.

આ કાર્યક્રમની શરૂઆત પૂર્વે અલ્પાહાર રાખવામાં આવેલો. અંતમાં કન્વીનર શ્રી  સંદીપભાઈ શાહે ઉપસ્થિત સર્વ જ્ઞાતિજનોનો ખૂબ ખૂબ આભાર માની કાર્યક્રમ સરસ રીતે સંપન્ન થયાની જાહેરાત કરી.

## શૈક્ષણિક પુરસ્કાર (ઈનામ-વિતરણ સમારોહ) ની ઝલક દર્શાવતી તસ્વીરો















# શૈક્ષણિક પુરસ્કાર (ઈનામ-વિતરણ) સમારોહનો અહેવાલ




















સેવા
સહકાર
સંકલન
સંગઠન
સમજણ

# સંપાદકિય

કાર્યની શરૂઆત માટે
ભલે ચોઘડિયા જોવાય છે,
પણ પરિણામ ક્યારેય
ચોઘડિયા જોઈને નથી આવતું..!!
પરિણામ તો તમે શરૂ કરેલા
કાર્યના કર્મ અને
નિષ્ઠા પર આધારિત છે.

---

કોઈ પણ વ્યક્તિ વિશે
કંઈ પણ જાણ્યા વગર
મંતવ્ય આપવું...
સાહેબ
એ એના વ્યક્તિત્વનું નહિં
પરંતુ આપણા વિચારોનું પ્રદર્શન છે...

---

કોઈ પણ મનુષ્ય
સ્વભાવથી દુષ્ટ હોતો નથી,
પણ સ્વાર્થ એને
દુષ્ટ બનાવે છે.

---

સમજ અને ગેરસમજમાં
ઝાઝો ફરક નથી,
એક માં ભાન આવે છે
અને
એકમાં ભાન ભૂલાય છે.

---

મારુ મારુ કરીને
મરી ગયા
અહીંયા કોઈ કોઈનું નથી,
ચાર પૈસા ખિસ્સામાં હોય તો
સલામ મારે સહુ....
ખિસ્સા ખાલી તો
ખબર પૂછે ના કોઈ...

---

દુનિયામાં બે જ સાચા જ્યોતિષ છે,
મનની વાત સમજી જતી 'માં' અને,
ભવિષ્યને ઓળખી જનાર 'પિતા'.

---

એકલા ચાલવું આમ તો
અઘરું નથી,
પણ કોઈની સાથે ચાલ્યા પછી
એકલા પાછા ફરવું
એ ખૂબ જ અઘરું છે !!

જબરી ચીજ બનાવી છે
ધન,
મોટા ભાગનાનું
ભેગું કરવામાં જ
નિધન થઈ જાય છે.

---

"ખુશી" થોડા સમય માટે
સંતોષ આપે છે.
પણ
"સંતોષ" હંમેશ માટે
ખુશી આપે છે.

---

વીતી જશે આ સમય પણ,
બસ ધીરજ રાખો સાહેબ,
સુખ ના ટકી શક્યું તો,
દુ:ખની શું ઔકાત છે ?

---

ગમી જઈએ છીએ આપણે ઘણાને
એ પણ ગમતું નથી ઘણાને....

---

દીવાનું પોતાનું કોઈ ઘર નથી હોતું...
જ્યાં મૂકો ત્યાં અજવાળું કરે છે....!

---

જિંદગી ત્યારે સફળ ગણાય
જ્યારે
તમારો પરિચય
તમારે ના આપવો પડે...!

---

ઉંમર સાથે
કંઈ લેવા-દેવા નથી
એકબીજાના વિચારો મળે
ત્યાં જ દોસ્તી થાય છે...

---

હીરા પારખું કરતાં...
પીડા પારખુંનું સ્થાન ઊંચું છે.

---

ઓવરટેક કરવામાં
થોડું ધ્યાન રાખજો સાહેબ,
સૌથી આગળ
ક્યાંક એકલું ના થઈ જવાય !!

હક વગરનું લેવાનું
મન થાય છે,
ત્યારે મહાભારતનું
સર્જન થાય છે....
પરંતુ હકનું હોય
છતાં પણ
છોડી દેવામાં આવે છે
ત્યારે
રામાયણનું સર્જન થાય છે..!!

---

નાટકમાં સૌથી અઘરું પાત્ર
મૂર્ખનું હોય છે....
અને
તે ભજવનાર
બહુ જ હોંશિયાર હોય છે..!!

---

શબ્દો તો હંમેશા
સંવેદનાથી છલોછલ હોય છે.
તેમને છંછેડવા, છેતરવા,
છાવરવા, છુપાવવા કે છલકાવવા
એ નક્કી આપણે કરવાનું !

---

આપણે માફ તો
વારંવાર કરી દઈએ છીએ,
પણ ભરોસો તો
એક જ વાર કરીએ છીએ !!

---

કેમ કરીને રહી શકાય
ફુટપટ્ટીમાં?
ઈચ્છાઓ તો હંમેશા
માપ બહારની હોય છે !!

---

દુનિયામાં જો કોઈ
સમયસર આવતું હોય
તો તે ખુદ સમય છે,
પછી તે સારો હોય કે ખરાબ !!!

---

'ખોવાઈ' ગયેલી વ્યક્તિ
મળી શકે, પણ
'બદલાઈ' ગયેલી વ્યક્તિ
ક્યારેય મળતી નથી.

પ્રમોદ એન. ગાંધી-સંપાદક ● બકુભાઈ સી. ગાંધી-સહસંપાદક

# શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મહિલા મંડળ, અમદાવાદ

## તપસ્વી બહુમાન સમારોહ

આપણી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિમાં મહિલા મંડળ દ્વારા ઘણી પ્રવૃત્તિઓ તથા સમારોહનું આયોજના કરવામાં આવે છે. તેમાં તપસ્વી સમારોહનું પણ આયોજન કરવામાં આવે છે. આવા એક માંગલ્ય બહુમાન સમારોહનું આયોજન તા.૦૧-૧૦-૨૦૨૩, રવિવારના રોજ જ્ઞાતિના હોલમાં કરવામાં આવ્યું હતું. જેમાં અમદાવાદમાં વસતા આપણી જ્ઞાતિના તપસ્વી રત્નોને બહુમાન કરવાનો અમુલ્ય અવસર અમદાવાદ મહિલા મંડળને મળે છે. તેથી મહિલા મંડળ કૃતજ્ઞતા વ્યક્ત કરે છે.

તપસ્વીઓનું બહુમાન કરવા માટેના મુખ્ય મહેમાન તરીકે શ્રીમતી સરોજબેન મુકેશભાઈ શાહ (ભાલક) હતા. જેમણે રૂા.૨૧૦૦૦/- ની ભેટ આપેલ છે અને અતિથી વિશેષ તરીકે શ્રીમતી રંજનબેન પંકજભાઈ શાહ (બોકરવાડા) હતા. જેમણે રૂા.૧૫૦૦૦/-ની ભેટ આપેલ છે. તેઓનો મહિલા મંડળ ખૂબ ખૂબ આભાર માને છે. સાથે તપસ્વીઓને પ્રભાવના કરનાર દાતાઓનો પણ મંડળ ખૂબ આભારી છે.

પ્રાસંગિક સમારોહની શરૂઆત નવકાર મહામંત્રથી થઈ. ત્યારબાદ દેવલબેન શાહે પધારેલ મહેમાનો, ટ્રસ્ટીશ્રી, પ્રમુખશ્રીઓ, બંને કારોબારીના સભ્યશ્રીઓ તથા તપસ્વીઓ તેમજ જ્ઞાતિજનોનું ઉમળકાભેર સ્વાગત સ્પીચ દ્વારા કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ બંને દાતાશ્રીઓ, પ્રમુખશ્રીઓ અને હોદ્દેદારો દ્વારા દીપ પ્રગટાવીને દીપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન શ્રીમતી સરોજબેન મુકેશભાઈ શાહનો પરિચય મંત્રીશ્રી દેવલબેન કિરણભાઈ શાહે આપ્યો હતો. અને અતિથિ વિશેષ રંજનબેન પંકજભાઈ શાહનો પરિચય સહમંત્રી શ્રીમતી સોનલબેન સંજયભાઈ શાહે આપ્યો હતો. શ્રીમતી સરોજબેન એમ. શાહનું બહુમાન મંડળના પ્રમુખ શ્રીમતી પ્રવિણાબેન બકુભાઈ ગાંધીએ ચાંલ્લો અને શ્રીફળ આપીને બહુમાન કર્યું હતું. અને ઉપપ્રમુખ શ્રીમતી દિપીકાબેન એચ. શાહે ગીફટ આપીને બહુમાન કર્યું હતું. શ્રીમતી રંજનબેન પંકજભાઈ શાહનું બહુમાન ચાંલ્લો અને શ્રીફળ આપીને મંડળના મંત્રી શ્રીમતી દેવલબહેશાહે કર્યું હતું. અને સહમંત્રી શ્રીમતી સોનલબેન શાહે ગીફટ આપીને બહુમાન કર્યું હતું. ત્યારબાદ અમારા વડીલ એવા સલાહકાર સમિતીના પ્રમુખ શ્રીમતી ઉર્મિલાબેન એચ. શાહે તપસ્વીઓ માટે સ્પીચ આપી હતી. તપસ્વીઓના ગીતો ગાવા માટે મૃદંગ મંડળની બહેનોએ તપશ્ચર્યાના ગીતો ગાઈને બધાને તપસ્વીઓના પ્રસંગમાં તલ્લીન કર્યા હતા.

આ તપસ્વી બહુમાનમાં એક પછી એક મોટા તપથી શરૂ કરી ક્રમશ: નાના સુધી તપસ્વી ભાઈ-બહેનોને બંને મહેમાનો તથા તેમના પરિવારજનોએ મહિલા મંડળના હોદ્દેદારો, મોટા મંડળના હોદ્દેદારો તથા મહિલા મંડળના કમિટી (કારોબારી) બહેનોના વરદ હસ્તે કુમકુમ તિલક કરી શ્રીફળ અને કવર આપી સન્માનપૂર્વક બહુમાન કરવામાં આવ્યું. તેમજ દેવલબેન, સોનલબેન, પિંકીબેન તથા કોમલબેને દરેક તપશ્ચર્યાની તપસ્વી બહુમાન પહેલા સ્પીચ આપીને બહુમાન કરવામાં આવ્યું. સમગ્ર હોલમાં એક ધાર્મિક માહોલ ઉત્પન્ન થયો હતો. આજના આ બહુમાન કાર્યક્રમમાં બાલ તપસ્વી રત્ન રીયાન યોગેશભાઈ શાહ-દેણપ, ઉ.વર્ષ સાત કે જેઓએ અઠ્ઠાઈ તપની આરાધના કરી હતી. તેઓનું વિશિષ્ઠ બહુમાન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ આપણાં જ સમાજના શ્રી સંદિપભાઈ શાહે (ભાલક) તપસ્વીઓ તથા જ્ઞાતિજનોને તપશ્ચર્યા નિમિત્તે બહુ જ હૃદયસ્પર્શી સ્પીચ આપીને બધાને મંત્રમુગ્ધ કરી દીધા હતા. એમની પણ મહિલા મંડળ ભૂરી ભૂરી અનુમોદના કરે છે.

બહુમાન સંપન્ન થયા બાદ સ્વામીવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું. સ્વામી વાત્સલ્યના કાયમી દાતાશ્રી સુમતિલાલ કેશવલાલ શાહ (ઉનાવા) પરિવાર છે. તેઓનું સમગ્ર જ્ઞાતિ મંડળ ખૂબ જ આભારી છે. મોટી સંખ્યામાં જ્ઞાતિજનોએ સ્વામી વાત્સલ્યનો લાભ લીધો હતો. શ્રીફળના કાયમીદાતા શ્રીમતી શાંતાબેન નાનચંદભાઈ શાહ (ચાણસ્મા) હસ્તે શ્રીમતી છાયાબેન ભાવિકભાઈ શાહ (પીંઢારપુરા) તરફથી કાયમી દાન મળેલ છે. એમનો પણ મહિલા મંડળ ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરે છે. સ્વામી વાત્સલ્યની વ્યવસ્થાની સંપૂર્ણ જવાબદારી અમારા મોટા મંડળે લીધી હતી. એમની અથાગ મહેનતથી તપસ્વી બહુમાનનો કાર્યક્રમ વધુ સફળ બન્યો હતો. મહિલા મંડળ તેમનો પણ ખૂબ ખૂબ આભાર માને છે.

કાર્યક્રમના અંતમાં મંત્રી શ્રીમતી દેવલબેન કે. શાહે ઉપસ્થિત મહેમાનો, તપસ્વી બહુમાનમાં મોકળા મને દાન આપનાર દાતાશ્રીઓનો, તપસ્વીઓના ઉત્સાહને વધુ વેગવંતો બનાવવા પધારેલ સર્વે જ્ઞાતિજનોનો તથા મહિલા મંડળની કારોબારી તથા મોટા મંડળની કારોબારી સભ્યોના તથા ટ્રસ્ટીગણ સલાહકાર બોર્ડ સમીતીનો અંત:કરણ પૂર્વક આભાર માનીને બહુમાનનો કાર્યક્રમ સંપન્નકરવામાં આવ્યો.

દેવલબેન કે. શાહ-મંત્રી - સોનલબેન એસ. શાહ-સહમંત્રી

## તપસ્વી બહુમાન સમારોહની ઝલક દર્શાવતી તસ્વીરો









# તપસ્વી બહુમાન સમારોહની ઝલક દર્શાવતી તસ્વીરો


























## તપસ્વી બહુમાનના પ્રભાવનાના દાતાઓની યાદી

૫૦૦૦/- ચેતનાબેન નીમેષભાઈ શાહ............સમોડા
૫૦૦૦/- ભાનુબેન બિપીનભાઈ ગાંધી............રણુંજ
૨૧૦૦/- અવંતિકાબેન ચીમનલાલ ગાંદી.........મોઢેરા
૨૧૦૦/- કૈલાસબેન પ્રમોદભાઈ ગાંધી............રણુંજ
૨૦૦૦/- બેલાબેન જયેશભાઈ ગાંધી..............રણુંજ
૨૦૦૦/- સૂર્યકાન્તભાઈ કેશવલાલ શાહ.........ઉનાવા
૨૦૦૦/- શારદાબેન ચંપકલાલ શાહ.............દેલોલી
૨૦૦૦/- પોપટલાલ મફતલાલ શાહ..............લાછડી
૧૧૧૧/- પ્રવિણાબેન બકુભાઈ ગાંધી.............સમોડા
૧૧૧૧/- ઉર્મિલાબેન હસમુખભાઈ શાહ..........ઉનાવા
૧૧૦૦/- નીતાબેન પ્રમોદભાઈ શાહ..............ખરોડ
૧૧૦૦/- રેણુકાબેન દિલીપભાઈ શાહ............ખરોડ
૧૦૦૦/- સરલાબેન ભાઈલાલભાઈ શાહ..........ભાલક
૧૦૦૦/- બેલાબેન વિજયભાઈ શાહ..........બોરીયાવી
૧૦૦૦/- સરલાબેન હસમુખભાઈ શાહ.......બોકરવાડા
૧૦૦૦/- પુષ્પાબેન નવીનભાઈ શાહ..........પીંઢારપુરા
૧૦૦૦/- મનુભાઈ ચીમનલાલ શાહ...............મણુંદ
૧૦૦૦/- વીરબાળાબેન સુરેન્દ્રભાઈ શાહ..........ભાંડુ
૧૦૦૦/- નેહાબેન મયુરભાઈ ગાંધી...............રણુંજ
૧૦૦૦/- પન્નાબેન મુકેશભાઈ શાહ................ભાંડુ
૧૦૦૦/- નિર્મળાબેન પ્રવિણચંદ્ર શાહ...........વિજાપુર
૫૦૦/- જ્યોત્સનાબેન હસમુખલાલ શાહ...બોકરવાડા
૫૦૦/- સોનલબેન સંજયભાઈ શાહ............સમોડા
૫૦૦/- દેવલબેન કિરણભાઈ શાહ..............તરભ
૫૦૦/- કોકિલાબેન પ્રવિણચંદ્ર શાહ............લાછડી
૫૦૦/- કમળાબેન મફતલાલ શાહ................ગાંભુ
૫૦૦/- વસુબેન પંકજકુમાર શાહ.............ભાલક
૫૦૦/- પિંકીબેન સંદિપભાઈ શાહ..............ઉનાવા
૫૦૦/- આશાબેન રમેશભાઈ શાહ.............કમાણા
૫૦૦/- નવિનચંદ્ર રણછોડદાસ શાહ...........લાછડી
૫૦૦/- રમાબેન હિંમતભાઈ શાહ..........બોકરવાડા
૫૦૦/- ડીમ્પલબેન રોનકભાઈ શાહ..........મોટીદાઉ
૫૦૦/- કાંતાબેન ચંદુલાલ શાહ............બોકરવાડા
૫૦૦/- દેવાંશીબેન ભરતભાઈ શાહ............ઉનાવા
૫૦૦/- સોનલબેન મુકેશભાઈ શાહ............ઉનાવા
૫૦૦/- ભરતભાઈ લહેરચંદ શાહ...........બોરીયાવી
૫૦૦/- નટવરલાલ ભોગીલાલ શાહ............લાછડી
૫૦૦/- નીલમબેન પંકજભાઈ ગાંધી.............રણુંજ
૨૦૦/- મંજુલાબેન શંકરભાઈ શાહ...............ગાંભુ


**દેવલબેન કે. શાહ-મંત્રી ● સોનલબેન એસ. શાહ-સહમંત્રી**

# બદલાયેલા સરનામા

**અમદાવાદ**

**પંકજ બાબુલાલ ગાંધી..........................(રણુંજ)**
ઈ-૨૦૩, સારાંશ એમ્બીયન્સ, પૂજન એપાર્ટમેન્ટ સામે,
ડૉ.જીવરાજ મહેતા રોડ, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭.
મો.: ૯૮૧૯૦૬૫૬૬૭, ૯૩૨૨૨૧૬૭૭૯

**પૃથ્વીભાઈ પંકજભાઈ શાહ......................(ગાંભુ)**
ઈ-૩૦૩, આશીર્વાદ એવન્યુ, સેલ્બી હોસ્પિટલ સામે,
હરિદર્શન ક્રોસ રોડ, નરોડા, અમદાવાદ-૩૮૨૩૫૦
મો.: ૮૩૨૦૪૦૯૪૭૩, ૭૨૨૭૮૧૬૩૫૧



## યુવા પેઢીનો વલોપાત

આજનો માનવી પોતે જોયેલાં સપનાંઓને સાકાર કરવા સતત ભાગતો રહે છે. ઘણા આ બધું પોતાનાં આનંદ માટે કરે છે. ઘણાં બીજાને બતાવવા માટે કરે છે. આજની યુવા પેઢી આજ માં જીવવા વાળી છે. એને ભવિષ્યની કોઈ ફિકર નથી.

કમાવો, ઉડાવો અને જલસા કરો, એ એના જીવનનો ફંડા થઈ ગયો છે. બુદ્ધિના ક્ષેત્રે આજની પેઢી ખૂબ જ ટેલેન્ટેડ છે પણ લાગણીના ક્ષેત્રે શૂન્ય. એને લાંબો સમય કોઈનાં પર પ્રેમ કે લગાવ રહેતો નથી. એ લોકો એકદમ પ્રેક્ટીકલી વિચારે છે એટલે દંભ ઓછો છે. પણ જીવનમાં કાંઈક ઘટતું હોવાનું સતત અનુભવે છે. આજનાં યુવાનોને જેટલી સમસ્યાઓ નડે છે એટલી કદાચ ઉંમરલાયક લોકોને પણ નથી નડતી. એ લોકો સતત ટેન્શનમાં જીવે છે કારણ કે ચોઈસ ઘણી બધી મળે છે. એક જ કંપનીમાં વફાદાર રહી જીવી શકતાં નથી. થોડો સમય કામ કરી ઊબાઈ જાય એટલે બીજી જગ્યાએ નોકરી શોધે છે. કદાચ લાગણી ક્ષેત્રે પણ એક જ વ્યક્તિને સતત પ્રેમ કરી શકતા નથી એટલે લિવિંગ રિલેશનમાં માને છે. માતા-પિતા સાથે પણ અમુક ઉંમર પછી ફાવતું નથી. કોઈ પ્રકારનું બંધન એમને ગમતું નથી.

મોટા પગારની નોકરી એટલે જવાબદારી પણ એટલી મોટી હોય. કામનાં બોજના લીધે ઊંઘવું, ખાવું-પીવું બધાંના સમય સચવાતાં નથી. ના ઊંઘ પૂરી થાય, ના ટાર્ગેટ એટલે સતત તાણમાં જીવે છે. ઊંઘ ના આવતાં નાની ઉંમરે દવાઓ લેવી પડે છે, નહીં તો શાંતિથી ખોજમાં ભટકવું પડે છે.

બે કે ત્રણ ડીગ્રી જોઈએ એટલે ભણવાનું એટલું પ્રેશર. મહેનત કર્યા પછી પરીક્ષામાં ફેલ થાય એટલે ડિપ્રેશનમાં ચાલ્યાં જાય. આ બધાંની અસર સ્વાસ્થ્ય પર પડે. શરીર રોગનું ઘર બની જાય છે. ખાવાનું સ્વાસ્થ્ય સભર ના હોવાથી વિચારો પણ તંદુરસ્તી ભર્યા નથી આવતાં. કોઈપણ ડગલું ભરે એનાથી મને કે પરિવારને શું નુકશાન થશે? એ વિચારતાં નથી. બસ મનમાં આવે એ જ કરવાનું.

આજની ૮૦% જનરેશન બોયફ્રેન્ડ, ગર્લફ્રેન્ડ રાખતાં થઈ ગયાં છે. એને સાચવવા પણ એટલું જ ટેન્શન લેવાનું. કામ પૂરું થયાં પછી જે ખાલી સમય મળે એમાં એ લોકોને સાચવવાના. એમાંથી ફ્રી થાય એટલે મોબાઈલ. એ લોકો મગજને નવરું જ પડવાં નથી દેતાં. પછી અનિંદ્રા હાયપરટેન્શન, ડિપ્રેશનના શિકાર બની જાય છે.

એ લોકો એમ સમજે છે કે પૈસાથી સર્વસ્વ મળી જાય છે. યુવાનીમાં ઘણું કમાઈ હોય એવી સેલિબ્રિટીઓ અને ગરીબીમાં મરી હોય કે આત્મહત્યા કરી હોય એવાં અનેક કિસ્સાઓ આપણે જોઈએ છીએ. આ બધું નિરીક્ષણ કરો તો ખબર પડે કે પૈસા સાથે લાગણીનું સંતુલન જાળવવામાં નિષ્ફળ ગયેલી આ વ્યક્તિઓ છે. સફળતાની ટોચ પર પહોંચ્યા પછી આ સફળતા, પદ, સાહ્યબી છીનવાઈ તો નહીં જાય ને? એની સતત ચિંતા. એમાં માનસિક અશાંતિ, અજંપો, હતાશા ઘર કરી જાય છે. આ બધાની અસરથી કદાચ વ્યસનમાં ફસાય છે અને જીવન ખલાસ.

પૈસાને મહત્વ આપ્યાં વગર સ્વયંને મહત્વ આપો. પોતાની જાત માટે જીવો, બીજાને બતાવી દેવા માટે નહીં. ઓછું મળે તો ચાલે પણ સંબંધો જાળવતાં શીખો. લાગણી પણ જીવનમાં જરૂરી છે. આ બધાંની માવજત કરી જીવો તો જીવન જીવવા જેવું લાગશે.

- શ્રીમતી અલ્પાબેન રાજેશકુમાર ભોગીલાલ શાહ (ઊંડણી-હાલ: મલાડ, મુંબઈ)

# અવસાન-શ્રધ્ધાંજલિ



**સંજયભાઈ રમણલાલ શાહ**
ગામ : કરબટીયા
હાલ : અમદાવાદ
સ્વ. તા.૦૩-૧૦-૨૦૨૩, મંગળવાર



**કમલાબેન ચિનુભાઈ શાહ**
ગામ : મોટપ
હાલ : અમદાવાદ
સ્વ. તા.૦૬-૧૦-૨૦૨૩, શુકવાર



**કંચનબેન વર્ધીચંદ શાહ**
ગામ : ધિણોજ
હાલ : સુરત
સ્વ. તા.૦૭-૧૦-૨૦૨૩, શનિવાર



**ચંદ્રકાન્તભાઈ રતીલાલ શાહ**
ગામ : રણુંજ
હાલ : અમદાવાદ
સ્વ. તા.૧૫-૧૦-૨૦૨૩, રવિવાર



**મનોજભાઈ વિમળભાઈ શાહ**
ગામ : પીંઢારપુરા
હાલ : અમદાવાદ
સ્વ. તા.૧૫-૧૦-૨૦૨૩, રવિવાર



**હસમુખલાલ ઉત્તમલાલ શાહ**
ગામ : ઉનાવા
હાલ : અમદાવાદ
સ્વ. તા.૧૮-૧૦-૨૦૨૩, બુધવાર



**પદ્માબેન ચીનુભાઈ શાહ**
ગામ : મણુંદ
હાલ : મહેસાણા
સ્વ. તા.૨૦-૧૦-૨૦૨૩, શુકવાર

**આ દિવંગત આત્માઓને પ્રભુ શાંતિ આપે તેવી પ્રાર્થના**

## શ્રધ્ધાંજલિ



**સ્વ.સંજયભાઈ રમણલાલ શાહ**
ઉં.-૫૩ વર્ષ - ગામ: કરબટિયા
સ્વ.તા.૦૩-૧૦-૨૦૨૩

હરપળ તમારી યાદ આવે છે અને આંખ ભીંજાયા કરે છે. જીવન એવું જીવ્યા કે જોનારા જોતા રહે. કર્મો એવા કર્યા કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે. દુઃખથી કદી ડર્યા નહી, સુખથી કદી છલકાયા નહીં. ધર્મ કદી ભૂલ્યા નહીં, વ્યવહાર કદી ચૂક્યા નહીં. તમારી બોલતી તસવીર જોઈને હજી નથી થતો સ્વીકાર કે આપ નથી હયાત. આપનો મોક્ષ માર્ગ પ્રશસ્ત હો.

**પરિવારજનો**

શાહ કલ્પેશભાઈ રમણલાલ

| | | | |
|---|---|---|---|
| શાહ જયેશભાઈ મફતલાલ | શાહ મીનાબેન રાજેન્દ્રકુમાર | શાહ સૌમિલ સંજયભાઈ | શાહ કલશ કલ્પેશભાઈ |
| શાહ દિપકભાઈ મફતલાલ | શાહ સંગીતાબેન સંજયભાઈ | શાહ ઉર્વી સંજયભાઈ | શાહ સોનલબેન કલ્પેશભાઈ |

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ ભાલક આયોજિત

## ૪૮ કલ્યાણક તીર્થ યાત્રા...... આંખો દેખ્યો અહેવાલ

### "લખનૌ • સાવત્થી • અયોધ્યા • રત્નપુરી • કૌશમ્બી • પ્રયાગરાજ (પુરિમતાલ) • બનારસ"

શ્રી મહેસાણા પ્રાંત દશા શ્રીમાળી જ્ઞાતિમાં બધા ગામ પૈકી આ ગામ ભાલક જ્યાં ૨૦૦૦ વર્ષ પ્રાચીન પ્રતિમા જે મૂળનાયક સ્વરૂપે શ્રી ધર્મનાથ દાદા બિરાજમાન છે. તેમની તથા શ્રી માણિભદ્રવીર તેમજ પ.પૂ.આ.ભ.શ્રી હેમરત્નસૂરી મહારાજાની તેમજ અન્ય સાધુ ભગવંતોની અસીમ કૃપા ભાલક ગામ પર હંમેશા વરસતી રહી છે. અને ધાર્મિક આયોજનો સફળતાના શિખરો સર કરી રહ્યા છે.

તા.૨૩-૦૯-૨૦૨૩ને સવારે ૯૧ યાત્રિકો સાથે ૪૮ કલ્યાણકોની યાત્રા કરવા માટે સવારે ૮-૨૦ મિનિટની ફલાઈટ દ્વારા પ્રયાણ કર્યું અને લખનૌ એરપોર્ટ પર ૧૦-૩૦ એ પહોંચ્યા. ત્યાંથી બસ દ્વારા દાદાવાડી ગયા. બધાં એ ત્યાં સેવાપૂજા કરી અને બપોરનું જમણ કર્યા બાદ માર્કેટ ખરીદી અને ત્યારબાદ સાંજે ચોવિહાર કરીને સાવત્થી તીર્થ તરફ પ્રયાણ કર્યું. ત્યાં રાત્રિરોકાણ બાદ તા.૨૪-૦૯-૨૩ના રોજ શ્રી સંભવનાથ ભગવાનના ચાર કલ્યાણક કરી સેવાપૂજા-સ્નાત્ર પૂજા હર્ષોલ્લાસ સાથે કરી. નવકારશી આરામ બપોરના જમણ બાદ રત્નપુરી તીર્થ તરફ પ્રયાણ કર્યું ત્યાં ધર્મનાથદાદાના ૪ કલ્યાણક જુહારી સેવાપૂજા-ચોવિહાર કરીને રાત્રે ૮-૦૦ કલાકે ત્યાંના ટ્રસ્ટીશ્રી દ્વારા ભાલકસંઘના યાત્રા પ્રવાસના મુખ્યદાતાશ્રીઓનું બહુમાન કરવામાં આવ્યું. ત્યારબાદ અયોધ્યા તરફ પ્રયાણ કર્યું. જ્યાં ૧૯ કલ્યાણક આવેલાં છે. તા.૨૫-૦૯-૨૩ના રોજ સવારે ૧૯ કલ્યાણક પર જઈને બધા યાત્રિકોએ સેવા-પૂજા-દર્શનનો લાભ લીધો. ત્યારબાદ રામ-જન્મ ભૂમિના સ્થળની મુલાકાત લીધી. અયોધ્યાથી બપોરે જમણબાદ કૌશમ્બીતીર્થ તરફ રવાના થયા. જ્યાં ચંદનબાળાએ પ્રભુવીરને પારણું કરાવેલ તથા પદ્મપ્રભુ સ્વામીના ૪ કલ્યાણક છે. સાંજે ચોવિહાર તથા રાત્રિરોકાણ બાદ તા.૨૬-૦૯-૨૩ને સવારે ત્યાં સેવાપૂજા-સ્નાત્રપૂજા કરીને પ્રયાગરાજ (પુરિમતાલ) ગયા. ત્યાં આદિનાથ દાદાનું કેવળજ્ઞાન કલ્યાણક છે. ત્યાં સેવાપૂજા કરીને ધન્ય બન્યા.

સાંજે ચોવિહાર કરીને બધા સાઈટસીન જોવા ગયા. ત્યારબાદ યાત્રા પ્રવાસના મુખ્યદાતાશ્રીઓનું બહુમાન કરવામાં આવેલ.બહુમાનના કાર્યક્રમની શરૂઆત શ્રી જશવંતલાલ પી. શાહે ભાલક જૈન સંઘના ઈતિહાસ પ્રાસંગિક પ્રવચન દ્વારા કરેલ. ત્યારબાદ બધા દાતાશ્રીઓનું બહુમાન કરવામાં આવેલ. તથા સક્રિય કાર્યકર્તા શ્રી ભાઈલાલભાઈ ઉત્તમલાલ તથા શ્રી ભાવેશભાઈ મહેશભાઈ શાહનું તથા જશવંતલાલ પોપટલાલ શાહનું બહુમાન કરવામાં આવેલ. દાતાશ્રીઓની તસ્વીર રૂપી ઝલક નીચે મુજબ છે.



સમુહ ફોટો



દિલિપભાઈ બી. શાહ



સુધીરભાઈ આઈ. શાહ



દિપકભાઈ એચ. શાહ



બિપીનભાઈ એન. શાહ



કિરણભાઈ વી. શાહ

ભાલક સંઘ મુખ્ય દાતાશ્રીઓની ભૂરી ભૂરી અનુમોદના કરે છે. કાર્યક્રમ પત્યાબાદ દરેક યાત્રિકોને ૧૦૦૦/- રૂપિયાનું સંઘપૂજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમનું સંચાલન શ્રી સંદીપ પી. શાહે સુંદર રીતે કરેલ.

બીજા દિવસે તા.૨૭-૦૯-૨૩ અને તા.૨૮-૦૯-૨૩ બન્ને દિવસ બનારસ રોકાણ કર્યું. બનારસમાં સિંહપુરી, ભેલપુર, ચંદ્રાવતી તથા ભદૈની આ ચાર સ્થળોએ ૪-૪ કલ્યાણકો કુલ ૧૬ કલ્યાણકના દર્શન-વંદન-સેવાપૂજાનો દરેકે લાભ લીધો. બનારસમાં સૌએ બોટ દ્વારા ગંગાઘાટની આરતીના દર્શનનો લાભ લીધો. કાશી વિશ્વનાથ મંદિર તથા માર્કેટ ખરીદી કરી અને તા.૨૯-૦૯-૨૩ને બપોરે બનારસ એરપોર્ટથી ૨-૩૦ કલાકે ફલાઈટ દ્વારા અમદાવાદ તરફ રવાના થયા. ૫-૩૦ સુધીમાં બધા યાત્રિકો અમદાવાદ આવી પ હોંચ્યા હતા.

અવિસ્મરણીય યાત્રા ખૂબજ હર્ષોલ્લાસ સાથે નિર્વિઘ્ન પૂર્ણ સંપન્ન થયેલ.

દાતાશ્રીઓ, સક્રિય કાર્યકર્તા અને યાત્રિકોની ભાલક સંઘ ભૂરી ભૂરી અનુમોદના કરે છે.

ટ્રસ્ટીગણ ભાલક જૈન સંઘ.

R.N.I. Regd. No. : GujGuj/2003/11307 • Postal Reg. No. : GAMC - 1401/2021-23 Publishing on 1st Date of every Month
Issued by SSP Ahmedabad Valid up to 31-12-2023 • Posting at P.S.O. Ahmedabad on 1st date of every month
Licensed to Post Without Prepayment No.PMG/NG/102/2021-23 valid up to 31/12/2023



# ફટાકડા ફોડશો નહી

## આવી અનુપમ દિવાળી, કરવા કર્મની હોળી;
## ફટાકડા ફોડીને, ભરશો ના પાપની ઝોળી

બાળકો !... જેમ આપણને આપણા પ્રાણ વ્હાલા છે, તેમ નાના-મોટા સર્વ જીવોને પણ તેમના પ્રાણ વ્હાલા છે. જેમ આપણને જીવવું ગમે છે, પણ મરવું ગમતું નથી તેમ બીજા જીવોને પણ જીવવું જ ગમે છે, મરવું કોઈનેય ગમતું નથી. જેમ આપણને દુઃખ ગમતું નથી, તેમ બીજા જીવોને પણ દુઃખ ગમતું નથી.

જગતના સર્વ જીવો આપણા મિત્ર છે. કોઈ પણ જીવ આપણો શત્રુ નથી. કોઈ પણ જીવ આપણું નુકશાન કરતો નથી. પાપકર્મો કરવા દ્વારા આપણું નુકશાન કરનારા આપણે પોતે જ છીએ. પુણ્ય કરીએ તો આપણું ભલું થાય ને પાપ કરીએ તો આપણું ભૂંડું થાય.

તમને માર મારીને કે દુઃખી કરીને બીજાં બાળકો હસતાં હોય, આનંદ કરતાં હોય તો એ તમને ગમે ખરું? ન જ ગમે. તો પછી બીજા અનેક જીવો મરે, તરફડે, દુઃખી થાય કે રિબાય એવી રીતે આનંદ મેળવવો એ જૈનકુળમાં જન્મેલા અને દયાપ્રેમી એવા તમને કેમ ગમે? ન જ ગમે.

યાદ રાખો કે, બીજા જીવોને સુખ આપવાથી જ આપણને સુખ મળે છે. બીજા જીવોને દુઃખી કરવાથી કે મારી નાખવાથી આપણે અનેક ગણા વધુ દુઃખી થવું પડે છે, અનેક વાર મરવું પડે છે. આપણા નાના ભાઈની રક્ષા કરવાની જેમ આપણી ફરજ છે, તેમ કીડી-મંકોડા વગેરે આપણાથી નાના ને નબળા જીવોની રક્ષા કરવાની પણ આપણી પવિત્ર ફરજ છે.

જો આપણે આપણાથી નાનાને નબળા જીવોની રક્ષા કરીએ તો જ શાસનદેવ આપણી રક્ષા કરે છે.

બીજા જીવોને જીવાડવાથી જ આપણને જીવન મળે અને મોત આપવાથી મોત જ મળે.

આપણે બીજા જીવોને દુઃખી કરીને આપણા ઉપર દુઃખ આવે ત્યારે પ્રભુને પ્રાર્થના કરીએ કે,

હે પ્રભુ! તું અમારું દુઃખ દૂર કર ! તો પ્રભુ આપણી એ પ્રાર્થના શું સાંભળે ખરા ? ન જ સાંભળે...

- પ.પૂ. શ્રી હિતવિજયજી મ.સા.



"જૈનમ્ જયતિ શાસનમ્"

પરિવાર પત્રિકા

કાર્યાલય : શ્રીમતી સરસ્વતીબેન રમણલાલ શાહ સાંસ્કૃતિક ભવન, શ્રી ચુનીલાલ અમુલખદાસ પાર્ટીપ્લોટ, ગોદાવરી દેરાસરની બાજુમાં, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭. ફોન. નં. : (૦૭૯) ૨૬૬૦૨૩૭૫
સમય : ૧૦-૩૦ થી ૫-૩૦ (સોમવારે રજા)
E-mail : mehsana_jainprant@yahoo.com | Website : www.47dashashrimali.com

પ્રકાશન કાર્યાલય : શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ વતી સંપાદક-પ્રકાશક શ્રી પ્રમોદભાઈ એન. ગાંધીએ જગદિશ ઓફસેટ, ઘીકાંટા, અમદાવાદમાં છપાવીને શ્રીમતી સરસ્વતીબેન રમણલાલ શાહ સાંસ્કૃતિક ભવન, શ્રી ચુનીલાલ અમુલખદાસ પાર્ટી પ્લોટ, ગોદાવરી દેરાસરની બાજુમાં, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭થી પ્રસિદ્ધ કર્યું.